જુ.ક્રિ.કેસ નં.૫૦/૨૦૨૫

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૧૭/૧૦/૨૦૨૫ | | |
| રજી. નોંધ્યા તા. | ૧૭/૧૦/૨૦૨૫ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૨૪ |

**મોડાસા ના મહેરબાન. પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ મુકામ–:મોડાસા.**

**જુ.ક્રિ.કેસ નં.૫૦/૨૦૨૫**

**આંક:–**

શ્રી સરકાર :::::::::: :::::::::: **ફરીયાદી.**

**વિરુધ્ધ**

કા.સં.આ.બાળક ......ગણપત(જુવેનાઈલની ઓલખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)

:::::::::: **કાયદાના સંઘર્ષમા આવનાર બાળક.**

**ગુન્હો :: પ્રોહી એક્ટ કલમ: ૬૫ એ,એ , મુજબ**

| | |
|---|---|
| શ્રી સરકાર તરફે | : વિ.એ.પી.પી.શ્રી.એસ.આર.પટેલ |
| કાયદાના સંઘર્ષમા આવનાર બાળક તરફે | : વિ. વ. શ્રી એસ. એન. બારોટ. |

**–:: ચૂકાદો ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના કા.સ.બા.એ ગઈ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ કલાક–૨૩/૦૦ વાગ્યે મોજે ગણેશપુર ગામની સીમમાં નેશનલ પાન પાર્લરની બાજુની ગલીમાં રોડ ઉપર મુકામે આ કામના આરોપી નં.૧ તથા

(૨)કાયદાના સંઘર્ષમા આવેલ બાળકિશોરે નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાની વાદળી કલરની યામાહા કંપનીની **R15** જેનો આગળ પાછળ નંબર જોતા **RJ-12-JS-4040** કિં ૯૦,૦૦૦/- ઉપર ગે.કા. રીતે ભારતીય બનાવટના રોયલ સ્ટેગ ડીલકસ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૧૮૦ મી.લી. ના કવાટર નંગ ૩ર જેમા એક કવાટરની કિ રૂ ૧૮૦/- લેખે કુલ કવાટર નંગ ૩ર ની કિં રૂ ૫૭૬૦/- જેનો બેચ નં બર **RSD007 L-1** તથા કિંગફિશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ-૧૫ જેમા એક બીયર ટીનની કિંરૂ ૧૨૫/- લેખે ૧૫ બીયર ટીનની ૧૮૭૫/- બેચ નં.૧૧૦ર તથા મો.સાની કિ.રૂ ૯૦,૦૦૦/- મળી કુલ કિ.૯૭,૬૩૫/- નો મુદ્દામાલ લઈ આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૩ નહિ મળી આવી એકબીજાની મદદગારી કરી પાછળથી પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એ,એ મુજબનો ગુનો કરેલ હોય ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમા ઈન્સાફી કાર્યવાહી થવા સારૂં સદર કરવામાં આવેલ.

(૨) આ કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક ઉપર અત્રેની અદાલત તરફથી સમન્સ કરવામાં આવતા બોર્ડ સમક્ષ ઉપસ્થિત રહેતા તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી. તેમજ આ કામે આંક-૦૩ થી કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક સામે પ્લી રેકર્ડ કરતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક ગુનાનો ઇનકાર કરતા ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામા આવેલ.

(૩) ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

## મૌખિક પુરાવા

| ક્રમ | | સ ાહે દોનાં નામ | આંક |
|---|---|---|---|
| ૦૧ | અ.પો.કો. | અશ્વિનભાઈ કાંતિભાઈ | ૦૬ |
| ૦૨ | સાહેદ | અમીતભાઈ દિલીપભાઈ પરમાર | ૦૮ |
| ૦૩ | સાહેદ | પિયુષભાઈ મહેન્દ્રભાઈ પરમાર | ૧૦ |
| ૦૪ | અ.હે.કો. | મૌલીકકુમાર કનુભાઈ | ૧૧ |

## દસ્તાવેજી પુરાવા

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદીની ફરિયાદ | ૦૭ |
| ૦૨ | પંચનામુ | ૦૯ |
| ૦૩ | સુચિપત્ર | ૧૨ |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો જોતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક સામે પ્રથમ દર્શનીય કોઈ પુરાવો જણાઈ નહિ આવતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ નિવેદન લેવામાં આવેલ  હોઈ ત્યારબાદ કોઈ પુખ્ત પુરાવો ન હોવાથી અને ફરિયાદ પક્ષ તરફે સાહેદ તપાસેલા ન હોવાથી સાદર કામને જજમેન્ટ પર લેવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.આર.પટેલ તેમજ કા.સ.આ. બાળક તર્ફે તેમના વિ. વકીલ શ્રી દ્વારા દલીલ કરવામાં આવે છે.

(૫) પક્ષકારો તર્ફે થયેલ રજૂઆત ધ્યાને લેતા કેસના ન્યાયિક નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## -::મુદ્દા::-

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૧ /૦૫/૨૦૨૫ ના રોજ કલાક–૨૩/૦૦ વાગ્યે મોજે ગણેશપુર ગામની સીમમાં નેશનલ પાન પાર્લરની બાજુની ગલીમાં રોડ ઉપર મુકામે આ કામના આરોપી નં.૧ તથા (૨)કાયદાના સંઘર્ષમા આવેલા બાળકિશોરે નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાની વાદળી કલરની યામાહા કંપનીની **R15** જેનો આગળ પાછળ નંબર જોતા **RJ-12-JS-4040** કિં ૯૦,૦૦૦/– ઉપર ગે.કા. રીતે ભારતીય બનાવટના રોયલ સ્ટેગ ડીલકસ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૧૮૦ મી.લી. ના કવાટર નંગ ૩૨ જેમા એક કવાટરની કિ રૂ ૧૮૦/– લ ેખે કુલ કવાટર નંગ ૩૨ ની કિં રૂ ૫૭૬૦/– જેનો બેચ નંબર **RSD007 L-1** તથા કિંગફિશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર ફોર સ ેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૫૦૦ મી.લી.ના બીયર ટીન નં ગ–૧૫ જેમા એક બીયર ટીનની કિંરૂ ૧૨૫/– લેખે ૧૫ બીયર ટીનની ૧૮૭૫/– બેચ નં.૧૧૦૨ તથા મો.સાની કિ.રૂ ૯૦,૦૦૦/– મળી કુલ કિ.૯૭,૬૩૫/– નો મુદ્દામાલ લઈ આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૩ નહિ મળી આવી એકબીજાની મદદગારી કરી પાછળથી પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એ,એ મુજબનુ શિક્ષાનેપાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ છે ?

(૨) શુ હુકમ ?

**(૬)** મારા ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ અનુસાર.

(૭) મારા ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

(૮) **મુદ્દા નં. ૧ :**

(૮.૧) ફરીયાદપક્ષે ફરીયાદી અ.પો.કો શ્રી અશ્વિનભાઈ કાંતિભાઈને આંક : ૦૬ થી તપાસવામાં આવેલાં છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૨૫થી મોડાસા ટા. પો.સ્ટેમા અપોકો તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન તા.-૦૧/૦૫/૨૦૨૫ના રોજ તેઓ તથા અહે.કો મૌલીકકુમાર કનુભાઈ તથા અ.હેકો પરેશકુમાર બાબુભાઈ એ રીતેના મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી મો.સા સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાનમાં ફરતા ફરતા હજીરા સર્કલ પાસે આવતા સાથેના અ.હે.કો ને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે બે ઈસમો મો.સા ઉપર થેલામાં વિદેશી દારૂ ભરી ગણેશપુર તરફ આવે છે જે હકીકતના આધારે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી નેશનલ હોટલ આગળ ઉપરોક્ત મો.સા તથા ઈસમોની વોચમાં ઉભા હતા તે વખતે શામળાજી રોડ તરફથી એક મો.સા આવતું હોઈ જેને હાથથી ઈશારો કરી ઉભુ રખાવા પ્રયત્ન કરતા સદરી મો.સા ચાલકે રોડની સાઈડમાંથી મો.સા વાળી નેશનલ પાન પાર્લરની દુકાન આગળ આવેલ ગલીમા ભગાવેલ જેનો પીછો કરતા સદરી પાછળ બેઠેલ ઈસમે પોતાની વચ્ચે રાખેલ થેલો રસ્તામા ફેકી દીધેલ અને આગળ જતા રસ્તો પુરો થઈ જતા ઉભા રહી જતા સદરી બન્ને ઈસમોને મો.સા સાથે કોર્ડન કરી પકડી પાડેલ અને સદરી બન્ને ઈસમોનુ પંચો રૂબરુ નામઠામ પુછતા પ્રથમ મો.સા ચાલકનું નામઠામ પુછતા પોતે પોતાનુ નામ ઓળખી બતાવે છે. જે બન્ને ઈસમોને પંચો સાથે રસ્તામા ફેકેલ થેલા પાસે લઈ આવતા થેલામાંથી પ્રવાહી નીકળતુ હોય જે થેલો ખોલાવી જોતા સદર થેલામાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાટર તથા બીયર

ભરેલ હોય જે ફેકી દેવાથી થોડા બીયર તથા ક્વાટર ફુટી ગયેલ હોય અને અંધારાનો સમય હોય અને પબ્લીક અવરજવર વાળી જગ્યા હોય જેથી પ્રોહી મુદ્દામાલ બહાર કાઢી ગણવો હિતાવહ ન હોય જેથી સરકારી બોલેરો ગાડી મા પ્રોહી મુદ્દામાલ મુકાવી પંચો તથા સદરી ઈસમોને બેસાડી તથા મો.સા પોલીસ સ્ટેશન લાવી પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં પંચો રૂબરૂ સદરી બન્ને ઈસમો પાસે થેલો ખોલાવી તથા ક્વાટર તથા બીયર બહાર કાઢી ગણી જોતા (૧) રોયલ સ્ટેગ ડીલક્સ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૧૮૦ મી.લી ના કવાટર નંગ ૩૨ જેમાં એક ક્વાટરની કિ. રૂ ૧૮૦/-લેખે કુલ કવાટર નંગ ૩૨ ની કિં રૂ ૫૭૬૦/- તેમજ (૨) કિંગફિશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ-૧૫ જેમાં એક બીયર ટીનની કિ. રૂ૧૨૫/-લેખે ૧૫ બીયર ટીનની ૧૮૭૫/- બેચ નં-૧૧૦૨ નો પ્રોહી મુદ્દમાલ કબ્જે કરેલ છે સદર મો.સા જોતા વાદળી કલરની યામાહા કંપનીની  ચ 15 જેનો આગળ પાછળ નંબર જોતા આર. જે ૧૨ જે.એસ. ૪૦૪૦ નો છે જે મો.સા ની કિ રૂ ૯૦,૦૦૦/- ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. સદરી બન્ને ઈસમની વારાફરતી અંગઝડતી કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નથી તેમજ સદરી બન્ને ઈસમને પ્રોહી બધક એરીયામાં વિદેશી દારૂ લઈ આવવા બાબતે પાસપરમીટ અંગે પુછતાં પોતે પોતાના પાસે નહી હોવાનું જણાવતા હોઈ તેમજ સદર પ્રોહી મુદ્દામાલ ક્યાંથી લાવેલ અને કોને આપવાનો હોય જે બાબતે પુછતા સદર પ્રોહી મુદ્દામાલ રતનપુર નજીક આવેલ દારૂના ઠેકા ઉપરથી લાવેલ હોવાનું જણાવતા હોય તેમજ સદર પ્રોહી મુદ્દામાલ ગણેશપુર ગામે રહેતા સપનાબેન નરેશભાઈ બાલાજી પરમાર નાઓના ત્યા આપવાનો હોવાનું જણાવતા હોઈ જેથી સદર પ્રોહી મુદ્દામાલમાંથી એક ટીન બીયર તથા ક્વાટર એફ.એસ.એલ તપાસણી સારૂ અલગ કાઢી લઈ તેની ઉપર પંચોની સહિઓ વાળી કાપલીઓ દોરા વડે બાંધી તથા

પો.ઈન્સ મોડાસા પોલીસ ટાઉનલ પોલીસ સ્ટેશનના ધાતુનુ સીલ કરી ઉપરોક્ત પ્રોહી મુદ્દામાલ કબ્જે કરેલ જેનું વિગતવાર પંચનામું કલાક–હા ૨૨/૩૦ થી કલાક–૨૩/૦૦ વાગ્યા સુધીનું અહેકો મૌલીકકુમાર કનુભાઈ નાઓની રુબરૂમા કરી લઈ કુલ.કિ.રુ ૯૭,૬૩૫/– નો મુદ્ધા માલ તપાસ અર્થે કબજે લિધેલ.

બનાવ બાબતે તેઓએ તેઓના પો.સ્ટેના પિ.સ.ઓ અશોકકુમાર માનજીનાઓની રુબરૂમા ફરીયાદ આપેલી. તેઓને તા.૦૧/૦૫/૨૦૨૫ના રોજની અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહિ છે. જેને તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક ૭ આપવામાં આવે છે. કાસ કીને તેઓ ઓળખે છે. જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર નથી. કાસ.કીના વિ.વ.શ્રીને કા.સ.કીની ઓળખ અંગે કોઇ તકરાર નથી.. **તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે,** એ વાત ખરી છે કે તેઓના ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પ્રોહીનો મુદ્દામાલ બિનવારસી હાલતમાં મળી આવેલ તેમ છતા તેઓના ઉપલી અધિકારીએ પ્રોહીના કેસો કરવાનો ટાર્ગેટ આપેલ હોય હાલના કા.સ.કી વિરુધ્ધ તેઓએ ખોટી ફરીયાદ આપેલ અને તેઓની ખોટી ફરીયાદની સમર્થનમા આજ રોજ સોગંદ પર ખોટી જુબાની આપે છે.

**(૮.૨)** ફરીયાદપક્ષે પંચ સાહેદ અમીતભાઈ દિલીપભાઈ પરમારનાઓને આંક : ૦૮થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, આજથી આશરે ૮ માસ અગાઉ તેઓ તેઓના કામથી મોડાસા ટાઉન પોલિસ સ્ટેશન ગયેલા. તે સમયે પોલીસ ે તેઓને એક પંચનામામા સહિ કરવાનુ કહેતા તેઓએ તેમા સહિ કરેલી.પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ જાત માહિતી નથી.

અને તા. ૦૧/૦૫/૨૦૨૫ના રોજના પંચનામાની સહી નકલ બતાવવામાં આવે છે. જેમા પંચ નંબર ૧ તરીકે કરેલ સહિ તેઓની છે. જેને તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૯ આપવામા આવે છે. **તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે,** એ વાત ખરી નથી કે, સાહેદ ફરિયાદ પક્ષને સમર્થન કરતાં ના હોય સાહેદને એ પી પી શ્રીની મૌખિક વિનંતીથી કરી ગયેલા જાહેર કરીને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવે છે.

એ વાત ખરી નથી કે તારીખ–૦૧/૦૫/૨૦૨૫ નારોજ મોડાસા ટાઉન પોલિસને મળેલ બાતમીને આધારે તેઓને સમજ કરતા મોડાસા હજિરા વિસ્તારમાં આવેલ નેશનલ હોટેલ આગળ બાતમી વાળી મો.સાની વોચમાં હતા તે દરમિયાન શામળાજી રોડ તરફથી એક મો.સા આવતું હોઈ જેને હાથથી ઈશારો કરી ઉભું રખાવા પ્રયત્ન કરતા સદરી મો.સા ચાલકે રોડની સાઈડમાથી મો.સા વાળી નેશનલ પાન પાર્લરની દુકાન આગળ આવેલ ગલીમા ભગાવેલ જેનો પીછો કરતા સદરી પાછળ બેઠલ ઈસમે પોતાની વચ્ચે રાખેલ થેલો રસ્તામા ફેંકી દીધેલ અને આગળ જતા રસ્તો પુરો થઈજતા ઉભા રહી જતા સદરી બન્ને ઈસમોને મો.સા સાથે કોર્ડન કરી પકડી પાડેલ અને સદરી બન્ને ઈસમોનુ તેઓ પંચો રૂબરુ નામઠામ પુછતા પ્રથમ મો.સા ચાલકનું નામઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) લલીતભાઈ કાન્તિલાલ હળુભાઈ જાતે અસારી(અહારી) રહે ગામ–પુનરાવાડા (રતનપુર) તા. બિછીવાડા જી ડુંગરપુર (રાજસ્થાન)નો હોવાનું જણાવતો હોય જેની અંગ ઝડતી કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહિ તેમજ સદરી મો.સા ના પાછળ બેસેલ ઈસમનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ (૨) સુનિલકુમાર ચરણભાઈ દેવજીભાઈ જાતે પારધી રહે અણસોલ તા. ભિલોડા જી.અરવલલી નો હોવાનું જણાવતો હોય જે બન્ને ઈસમોને પંચો સાથે રસ્તામા ફેકેલ થેલા પાસે

લઈ આવતા થેલામાંથી પ્રવાહી નીકળતુ હોય જે થેલો ખોલાવી જોતા સદર થેલામાં ભારતીય બનાવટના વિદેશી દારૂના કવાટર તથા બીયર ભરેલ હોય જે ફેકી દેવાથી થોડા બીયર તથા ક્વાટર ફુટી ગયેલ હોય અને અંધારાનો સમય હોય અને પબ્લીક અવરજવર વાળી જગ્યા હોય જેથી પ્રોહી મુદ્દામાલ બહાર કાઢી ગણવો હિતાવહ ન હોય જેથી સરકારી બોલેરો ગાડી મા પ્રોહી મુદ્દામાલ મુકાવી તેઓ પંચો તથા સદરી ઈસમોને બેસાડી તથા મો.સા પોલીસ સ્ટેશન લાવી પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં પંચો રૂબરૂ સદરી બન્નેઈસમો પાસે થેલો ખોલાવી તથા ક્વાટર તથા બીયર બહાર કાઢી ગણી જોતા (૧) રોયલ સ્ટેગ ડીલક્સ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૧૮૦ મી.લી ના કવાટર નંગ ૩૨ જેમાં એક ક્વાટરની કિ રૂ ૧૮૦/- લેખે કુલ કવાટર નંગ ૩૨ ની કિં રૂ ૫૭૬૦/- તેમજ (૨) કિંગફિશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ -૧૫ જેમાં એક બીયર ટીનની કિ રૂ૧૨૫/- લેખે ૧૫ બીયર ટીનની ૧૮૭૫/- બેચ નં-૧૧૦૨ નો પ્રોહી મુદ્દમાલ કબ્જે કરેલ છે સદર મો.સા જોતા વાદળી કલરની યામાહા કંપનીની ચ 15 જેનો આગળ પાછળ નંબર જોતા આર.જે ૧૨ જે. એસ.૪૦૪૦ નો છે જે મો.સા ની કિ રૂ ૯૦,૦૦૦/- ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે સદરી બન્ને ઈસમની વારાફરતી અંગઝડતી કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નથી તેમજ સદરી બન્ને ઈસમને પ્રોહી બંધક એરીયામાં વિદેશી દારૂ લઈ આવવા બાબતે પાસ પરમીટ અંગે પુછતાં પોતે પોતાના પાસે નહી હોવાનું જણાવતા હોઈ તેમજ સદર પ્રોહી મુદ્દામાલ ક્યાથી લાવેલ અને કોને આપવાનો હોય જે બાબતે પુછતા સદર પ્રોહી મુદ્દામાલ રતનપુર નજીક આવેલ દારૂના ઠેકા ઉપરથી લાવેલ હોવાનું જણાવતા હોય તેમજ સદર પ્રોહી મુદામાલ ગણેશપુર ગામે રહેતા સપનાબેન નરેશભાઈ બાલાજી પરમાર નાઓના ત્યા આપવાનો હોવાનું જણાવતા હોઈ જેથી સદર પ્રોહી મુદ્દામાલમાંથી એક ટીન બીયર તથા ક્વાટર એફ.એસ.એલ તપાસણી

સારૂ અલગ કાઢી લઇ તેની ઉપર તેઓ પંચોની સહિઓ વાળી કાપલીઓ દોરા વડે બાંધી તથા પો.ઇન્સ મોડાસા પોલીસ ટાઉનલ પોલીસ સ્ટેશનના ધાતુનુ સીલ કરી ઉપરોક્ત પ્રોહી મુદ્દામાલ કબ્જે કરેલ જેનું વિગતવાર પંચનામું કલાક ૨૨/૩૦ થી કલાક–૨૩/૦૦ વાગ્યા સુધીનુ તેઓની રુબરૂ મા કરેલ અને ત્યારબાદ તેઓએ પંચાનામામાં સહિ કરેલ ..

એ વાત ખરી નથી કે કા.સ.કી. ને બચાવવા આજરોજ નામદાર બોર્ડ સમક્ષ સોગંદ પર ખોટી જુબાની આપે છે.

તેઓ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે પં ચનામાની વિગતોની તેઓને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે તેઓએ લખેલ તૈયાર પંચનામાં ફકત સહી કરેલી.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી પંચ સાહેદ પિયુષભાઈ મહેન્દ્રભાઈ પરમારને આંક : ૧૦ થી તપાસવામાં આવેલાં છે અને તેઓએ તેમની તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે એવી હકિકત જણાવેલ છે કે,આજથી આશરે ૮ માસ અગાઉ તેઓ તેઓના કામથી મોડાસા ટાઉન પોલિસ સ્ટેશન ગયેલા. તે સમયે પોલીસે તેઓને એક પં ચનામામા સહિ કરવાનુ કહેતા તેઓએ તેમાં સહિ કરેલી.પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ જાત માહિતી નથી. તેઓને તા. ૦૧ /૦૫/૨૦૨૫ના રોજનું આંક–૦૯ વાળુ પંચનામુ બતાવવામા આવે છે. જેમા પંચ નંબર ૨ તરીકે કરેલ સહિ તેઓની છે. જેને તેઓ ઓળખી બતાવે છે. **તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે,** એ વાત ખરી નથી કે તારીખ–૦૧/૦૫/૨૦૨૫ નારોજ મોડાસા ટાઉન પોલિસને મળેલ બાતમીને આધરે તેઓને સમજ કરતા મોડાસા હજિરા વિસ્તારમાં આવેલ નેશનલ હોટેલ આગળ બાતમી વાળી મો.સાની વોચમા હતા. તે દરમિયાન શામળાજી રોડ તરફથી એક

મો.સા આવતુ હોઈ જેને હાથથી ઈશારો કરી ઉભુ રખાવા પ્રયત્ન કરતા સદરી મો.સા ચાલકે રોડની સાઈડમાથી મો.સા વાળી નેશનલ પાન પાર્લરની દુકાન આગળ આવેલ ગલીમા ભગાવેલ જેનો પીછો કરતા સદરી પાછળ બેઠેલ ઈસમે પોતાની વચ્ચે રાખેલ થેલો રસ્તામા ફેકી દીધેલ અને આગળ જતા રસ્તો પુરો થઈ જતા ઉભા રહી જતા સદરી બન્ને ઈસમોને મો.સા સાથે કોર્ડન કરી પકડી પાડેલ અને સદરી બન્ને ઈસમોનુ તેઓ પંચો રૂબરુ નામઠામ પુછતા પ્રથમ મો.સા ચાલકનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) લલીતભાઇ કાન્તિલાલ હળુભાઇ જાતે અસારી(અહારી) રહે ગામ-પુનરાવાડા (રતનપુર) તા. બિછીવાડા જી ડુંગરપુર (રાજસ્થાન)નો હોવાનું જણાવતો હોય જેની અંગ ઝડતી કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહિ તેમજ સદરી મો.સા ના પાછળ બેસેલ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ (૨) સુનિલકુમાર ચરણભાઈ દેવજીભાઈ જાતે પારઘી રહે અણસોલ તા. ભિલોડા જી.અરવ્લલી નો હોવાનું જણાવતો હોય જે બન્ને ઈસમોને પંચો સાથે રસ્તામા ફેકેલ થેલા પાસે લઈ આવતા થેલામાંથી પ્રવાહી નીકળતુ હોય જે થેલો ખોલાવી જોતા સદર થેલામા ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાટર તથા બીચર ભરેલ હોય જે ફેકી દેવાથી થોડા બીચર તથા ક્વાટર ફુટી ગયેલ હોય અને અંધારાનો સમય હોય અને પબ્લીક અવરજવર વાળી જગ્યા હોય જેથી પ્રોહી મુદ્દામાલ બહાર કાઢી ગણવો હિતાવહ ન હોય જેથી સરકારી બોલેરો ગાડી મા પ્રોહી મુદ્દામાલ મુકાવી તેઓ પંચો તથા સદરી ઈસમોને બેસાડી તથા મો.સા પોલીસ સ્ટેશન લાવી પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં પંચો રૂબરૂ સદરી બન્નેઈસમો પાસે થેલો ખોલાવી તથા ક્વાટર તથા બીચર બહાર કાઢી ગણી જોતા (૧) રોયલ સ્ટેગ ડીલક્સ વીસ્કી કોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૧૮૦ મી.લી ના કવાટર નંગ ૩૨ જેમા એક ક્વાટરની કિં રૂ ૧૮૦/- લેખે કુલ કવાટર નંગ ૩૨ ની કિ રૂ. ૫૭૬૦/- તેમજ (૨) કિંગફિશર સુપર સ્ટોન્ગ પ્રીમીયમ બીયર ફોર સેલ ઈન રાજસ્થાન

ઓન લી લખેલ ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ–૧૫ જેમાં એક બીયર ટીનની કિ રૂ ૧૨૫/–લેખે ૧૫ બીયર ટીનની ૧૮૭૫/– બેચ નં–૧૧૦૨ નો પ્રોહી મુદ્દમાલ કબ્જે કરેલ છે સદર મો.સા જોતા વાદળી કલરની યામાહા કંપનીની ચ15 જેનો આગળ પાછળ નંબર જોતા આર.જે ૧૨ જે.એસ.૪૦૪૦ નો છે જે મો.સા. ની કિં રૂ ૯૦,૦૦૦/– ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે સદરી બન્ને ઈસમની વારાફરતી અંગઝડતી કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નથી તેમજ સદરી બન્ને ઇસમને પ્રોહી બંધક એરીયામાં વિદેશી દારૂ લઈ આવવા બાબતે પાસપરમીટ અંગે પુછતા પોતે પોતાના પાસે નહી હોવાનું જણાવતા હોઈ તેમજ સદર પ્રોહી મુદ્દામાલ ક્યાથી લાવેલ અને કોને આપવાનો હોય જે બાબતે પુછતા સદર પ્રોહી મુદ્દામાલ રતનપુર નજીક આવેલ દારૂના ઠેકા ઉપરથી લાવેલ હોવાનું જણાવતા હોય તેમજ સદર પ્રોહી મુદામાલ ગણેશપુર ગામે રહેતા સપનાબેન નરેશભાઈ બાલાજી પરમાર નાઓના ત્યા આપવાનો હોવાનું જણાવતા હોઈ જેથી સદર પ્રોહી મુદ્દામાલમાંથી એક ટીન બીયર તથા ક્વાટર એફ.એસ.એલ તપાસણી સારૂ અલગ કાઢી લઇ તેની ઉપર તેઓ પંચોની સહિઓ વાળી કાપલીઓ દોરા વડે બાંધી તથા પો.ઇન્સ મોડાસા પોલીસ ટાઉનલ પોલીસ સ્ટેશનના ધાતુનુ સીલ કરી ઉપરોક્ત પ્રોહી મુદ્દામાલ કબ્જે કરેલ જેનું વિગતવાર પંચનામું કલાક ૨૨/૩૦ થી કલાક–૨૩/૦૦ વાગ્યા સુધીનુ તેઓની રુબરૂ મા કરેલ અને ત્યારબાદ તેઓએ પંચાનામામાં સહિ કરેલ .

એ વાત ખરી નથી કે કા.સ.કી. ને બચાવવા આજરોજ નામદાર બોર્ડ સમક્ષ સોગંદ પર ખોટી જુબાની આપે છે.

તેઓ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે પંચનામાની વિગતોની તેઓએ કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે તેઓ લખેલાં તૈયાર પંચનામાં ફકત સહી કરેલી.

(૮.૪) આ કામે ફરીયાદપક્ષ તરફથી અ.હે.કો. મૌલિકકુમાર કનુભાઈને આંક : ૧૧ થી તપાસવામાં આવેલાં છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે,તેઓ સને ૨૦૨૫માં મોડાસા ટા. પો.સ્ટેમાં અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન તા. ૦૧/૦૫/૨૦૨૫ના રોજ તેઓ તથા અ. પો.કો અશ્વિનભાઈ કાંતીભાઈ તથા અ.હે કો પરેશકુમાર બાબુભાઈ એ રીતેના મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી મો.સા સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાનમાં ફરતા ફરતા હજીરા સર્કલ પાસે આવતા તેઓને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે બે ઈસમો મો.સા ઉપર થેલામાં વિદેશી દારુ ભરી ગણેશપુર તરફ આવે છે જે હકીકતના આધારે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી નેશનલ હોટલ આગળ ઉપરોક્ત મો.સા. તથા ઈસમોની વોચમા ઉભા હતા તે વખતે શામળાજી રોડ તરફથી એક મો.સા આવતુ હોઈ જેને હાથથી ઈશારો કરી ઉભુ રખાવા પ્રયત્ન કરતા સદરી મો.સા ચાલકે રોડની સાઈડમાથી મો.સા વાળી નેશનલ પાન પાર્લરની દુકાન આગળ આવેલ ગલીમા ભગાવેલ જેનો પીછો કરતા સદરી પાછળ બેઠેલ ઈસમે પોતાની વચ્ચે રાખેલ થેલો રસ્તામા ફેંકી દીધેલ અને આગળ જતા રસ્તો પુરો થઈ જતા ઉભા રહી જતા સદરી બન્ને ઈસમોને મો.સા સાથે કોર્ડન કરી પકડી પાડેલ અને સદરી બન્ને ઈસમોનુ પંચો રૂબરુ નામઠામ પુછતા પ્રથમ મો.સા ચાલકનું નામઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) લલીતભાઈ કાન્તિલાલ હળુભાઈ જાતે અસારી (અહારી) રહે ગામ–પુનરાવાડા (રતનપુર) તા. બિછીવાડા જી ડુંગરપુર (રાજસ્થાન)નો હોવાનું જણાવતો હોય જેની અંગ ઝડતી

કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહિ તેમજ સદરી મો.સા ના પાછળ બેસેલ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ (૨) સુનિલકુમાર ચરણભાઈ દેવજીભાઈ જાતે પારધી રહે અણસોલ તા. ભિલોડા જી.અરવ્લલી નો હોવાનું જણાવતો હોય જે બન્ને ઈસમોને પંચો સાથે રસ્તામાં ફેકેલ થેલા પાસે લઈ આવતા થેલામાંથી પ્રવાહી નીકળતુ હોય જે થેલો ખોલાવી જોતા સદર થેલામાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાટર તથા બીયર ભરેલ હોય જે ફેકી દેવાથી થોડા બીયર તથા ક્વાટર ફુટી ગયેલ હોય અને અંધારાનો સમય હોય અને પબ્લીક અવરજવર વાળી જગ્યા હોય જેથી પ્રોહી મુદ્દામાલ બહાર કાઢી ગણવો હિતાવહ ન હોય જેથી સરકારી બોલેરો ગાડી મા પ્રોહી મુદામાલ મુકાવી પંચો તથા સદરી ઈસમોને બેસાડી તથા મો.સા પોલીસ સ્ટેશન લાવી પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં પંચો રૂબરૂ સદરી બન્ને ઈસમો પાસે થેલો ખોલાવી તથા ક્વાટર તથા બીયર બહાર કાઢી ગણી જોતા (૧) રોયલ સ્ટેગ ડીલક્સ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૧૮૦ મી.લી ના કવાટર નંગ ૩૨ જેમાં એક ક્વાટરની કિ રૂ ૧૮૦/-લેખે કુલ કવાટર નંગ ૩૨ ની કિ રૂ ૫૭૬૦/- તેમજ (૨) કિંગફિશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર ફોર સેલ ઈન રાજસ્થાન ઓન લી લખેલ ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ -૧૫ જેમાં એક બીયર ટીનની કિં રૂ૧ ૨૫/-લેખે ૧૫ બીયર ટીનની ૧૮૭૫/- બેચ નં-૧૧૦૨ નો પ્રોહી મુદ્દમાલ કબ્જે કરેલ છે સદર મો.સા જોતા વાદળી કલરની યામાહા કંપનીની ચ 15 જેનો આગળ પાછળ નંબર જોતા આર જે ૧૨ જે એસ ૪૦૪૦ નો છે જે મો.સા ની કિં રૂ. ૯0,000/- ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે સદરી બન્ને ઈસમની વારાફરતી અંગઝડતી કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નથી તેમજ સદરી બન્ને ઈસમને પ્રોહી બંધક એરીયામાં વિદેશી દારૂ લઈ આવવા બાબતે પાસપરમીટ અંગે પુછતા પોતે પોતાના પાસે નહી હોવાનું જણાવતા હોઈ તેમજ સદર પ્રોહી મુદ્દામાલ ક્યાથી લાવેલ અને કોને આપવાનો હોય જે બાબતે પુછતા

સદર પ્રોહી મુદ્ધામાલ રતનપુર નજીક આવેલા દારૂના ઠેકા ઉપરથી લાવેલ હોવાનું જણાવતા હોય તેમજ સદર પ્રોહી મુદ્ધામાલ ગણેશપુર ગામે રહેતા સપનાબેન નરેશભાઈ બાલાજી પરમાર નાઓના ત્યા આપવાનો હોવાનું જણાવતા હોઈ જેથી સદર પ્રોહી મુદ્ધામાલમાંથી એક ટીન બીયર તથા ક્વાટર એફ.એસ.એલ તપાસણી સારૂ અલગ કાઢી લઇ તેની ઉપર પંચોની સહિઓ વાળી કાપલીઓ દોરા વડે બાંધી તથા પો.ઇન્સ મોડાસા પોલીસ ટાઉનલ પોલીસ સ્ટેશનના ધાતુનુ સીલ કરી ઉપરોક્ત પ્રોહી મુદ્ધામાલ કબ્જે કરેલ જેનું વિગતવાર પંચનામું કલાક–હા ૨૨/૩૦ થી કલાક–૨૩/૦૦ વાગ્યા સુધીનું તેઓની રુબરુમા કરી લઈ કુલ કિ.રુ ૯૭,૬૩૫/– નો મુદ્ધા માલ તપાસ અર્થે કબજે લિધેલ.તેઓને આંક ૦૯ થી રજૂ થયેલ પંચનામુ બતાવવામાં આવે છે. જેમા રુબરુ તરીકે તેઓની સહિ છે. જેને તેઓ ઓળખી બતાવે છે.

બનાવ બાબતે અ.પો.કો અશ્વિનભાઈ કાંતિભાઈ નાઓએ તેઓના પો.સ્ટેના પિ.એસ.ઓ અશોકકુમાર માવજીનાઓની રુબરૂમાં ફરીયાદ આપેલ. જે ફરીયાદ આંક ૦૭ થી રજુ છે. જેમા અ.પો.કો. અશ્વિનભાઈ કાંતીભાઈનાઓની સહિ છે. જેને તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ સદર ગુનો મોડાસા ટા. પોસ્ટે પાર્ટ સી.ગુ.ર.નં. ૩૮૧/૨૦૨૫ થી પ્રોહિ એક્ટની કલમ ૬૫ એ, એ મુજબનો ગુનો રજિસ્ટર થઈ સદર ગુનાની આગળની તપાસ પી.એસ.ઓ અશોકભાઈ માવજીભાઈનાઓની સહિ છે. જેને તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક ૧૨ આપવામા આવે છે. ત્યારબાદ કા.સ.કીને નજરકેદ કરી, જામીનમુક્ત કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લિધેલ. ત્યારબાદ કબજે લિધેલ મુદ્ધામાલ સેમ્પલને પરીક્ષણ સારુ એફ.એસ.એલ કચેરી અમદાવાદ મુકામે મોકલી આપવાની કાર્યવાહી કરેલ. સમગ્ર તપાસ દરમ્યાન કા.સ.કી વિરુધ પુરતા પુરાવા હોય

આપ નામદાર બોર્ડ સમક્ષ વર્તુણક અહેવાલ રજુ કરેલ. કા.સ.કીને તેઓ ઓળખે છે. જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર નથી.

(૯) ફરીયાદ પક્ષના મહત્વના પંચ સાહેદો રીકવરી પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય વધુ કોઈ સાહેદ તપાસવામા આવેલ નથી. ફરીયાદી નો મૌખિક પુરાવો જોતા આરોપી  યામાહા કંપનીની R15 નો આગળ પાછળ નંબર જોતા RJ-12-JS-4040 કિ.૯૦,૦૦૦/- ઉપર ગે.કા. રીતે ભારતીય બનાવટના રોયલ સ્ટેગ ડીલકસ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓલ લી લખેલ ૧૮૦ મી.લી. ના કવાટર નં ગ-૩૨ જેમા એક કવાટરની કિ.રૂ.૧૮૦/- લેખે કુલ કવાટર નં ગ-૩૨ની કિ.રૂ.૫૭૬૦/- જેનો બેચ નંબર RSD007 L-1 તથા કિં ગ ફિશર સુપર સ્ટ્રોંગ પ્રીમીયમ બીયર ફોર સેલ ઈન રાજસ્થાન ઓનલી લખેલ ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ-૧૫ જેમા એક બીયર ટીનની કિ. રૂ.૧૨૫/- લેખે ૧૫ બીયર ટીનની ૧૮૭૫/- બેચ નં-૧૧૦૨ તથા મો.સા.ની કિ.રૂ.૯૦,૦૦૦/- મળી કુલ કિ.૯૭,૬૩૫/- નો મુદ્દામાલ લઈ આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૩ નહિ મળી આવી એકબીજાની મદદગારી કરી પાછળથી પકડાઈ જઈ પ્રોહી એકટ કલમ- ૬૫.એ.એ. મુજબ ગુન્હો કર્યા વિગેરે બાબત જણાવેલ છે.પરંતુ ફરીયાદીના પુરાવાને રીકવરી પંચસાહેદો સમર્થન કરતા નથી. ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો તપાસ દરમ્યાન મેળવેલ નથી. જેથી ફરીયાદ પક્ષે પ્ર ોહી. મુદામાલ કાસબા પાસે મળી આવેલ હોય તેવુ પુરવાર થતુ નથી.

(૧૦) વધુમાં પ્રોહીબીશનનાં કાયદાની ચોકકસ અમલવારી માટે તેમજ પં ચ સાહેદો બાબતની અને જયારે આવો કોઈ પ્રોહીબીશન સબંધેનો

મુદામાલ મળી આવે ત્યારે સેમ્પલ મેળવવાની કાર્યવાહી બાબતમાં અલાયદાં નિયમો ઘડવામાં આવેલ છે પરંતુ ત.ક.અધિ.શ્રીએ તે અન્વયે કાર્યવાહી કરેલ નથી તેમ જણાય છે અને બનાવનાં સંજોગો તથા જે રીતે પ્રોહી બીશનનો મુદામાલ મળી આવેલાનું અને આરોપીપક્ષની સંડોવણી હોવાનું રજુ થયેલ છે તે અન્વયે પ્રોહીબીશનનાં કાયદાની ચોકકસ અમલવારી સં બધે ઘડવામાં આવેલ નિયમોને આધીન રહી સેમ્પલ વિગેરે માટેની કાર્યવાહી થયેલ નથી તે સંજોગોમાં અને ઉપરોકત વિગતોએ સ્વતંત્ર સાહેદો થકી ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને નિ:શંકપણે સ્વિકારી શકાય તેવો સચોટ પુરાવો રેકર્ડે રજુ થયેલ ન હોય મુદા નંબર : ૦૧નો નિર્ણય આથી નકારમાં ઠરાવી મુદા નંબર : ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના કા.સં.આ.બાળક....... ગણપત(જુવેનાઈલની ઓળખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)ને પ્રોહીબીશન એક્ટની કલમ: ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ)(એ) અન્વયે સજાને પાત્ર ગુનામાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે પોલીસે મુ.પા.નં.૧૪૯/૨૦૨૫, થી કબજે કરેલ મુદ્દામાલ વાહન વાદળી કલરની યામાહા કંપનીની R15 જેનો આગળ પાછળનો નંબર જોતા :આર.જે.૧ ૨.જે.એસ.૪૦૪૦ જેનો ચેચીસ નંબર એમ.ઈ.આઈ.આર.જી.૬૭ એફ ૪પી૦૦૦૧૯૫૪ અંગે અલગ ઈન્કવાયરી કરી તેના મુળ

માલીકની ખરાઈ કરી, અપીલ સમય વિત્યેથી તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. વિકલ્પે મુળ માલીક મળી ન આવે તો સદર મુદ્દામાલ વાહનની જાહેર હરાજી કરી તેના ઉપજેલ નાણાં શ્રી સરકાર જમા લેવાનો હુકમ કરવામાં આવે છે. તથા ફોન નંગ.૨ પરત કરવાનો હુકમ કરવામા આવે છે. જયારે બાકીના મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(3) જુવેનાઇલ તરફે કરી આપેલ જાત મુચરકા અને જામીનાએ કરી આપેલ જામીન ખત રદ કરવામાં આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહે તે રીતે છ માસ માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ અન્વયે જાત મુચરકા અને જામીન ખત ચાલુ રાખવામાં આવે છે.

(4) સદર કામે રજુ મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૦, માહે:એપ્રિલ, સને.:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહર કર્યો.

**તા.૨૪/૦૪/૨૬**
**મુ.મોડાસા**

**(એસ.આર.શર્મા)**
**પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ,**
**મોડાસા.**
**કોડનં.જી.જે.૦૧૫૭૧**

કે.એસ.વણકર.પી.એ